# ઘરની શોભા વધારતાં જાત-જાતના ઝૂલા



હીંચકો દરેક ઘરનું કેન્દ્રબિંદુ હોય છે. નાના હોય કે મોટા બધાંને હિંચકે ઝૂલવાનું ખૂબ ગમે છે. થોડી નવરાશ, થોડી મજા અને થોડી શાંતિનો અનુભવ હીંચકા સાથે જોડાયેલો છે. આજે ઘર નાના હોય છતાં હિંચકો કેમ ભૂલાય? ગમે તે રીતે પણ હીંચકો મૂકવાની વ્યવસ્થા આપણે નાના ઘરમાં પણ કરી જ દઈએ છીએ. હવે, ઝૂ પણ વિવિધ પ્રકારના આવે તમારા ઘરની શોભાને ચાર ચાંદ લગાવી દે છે. તો જોઈએ વિવિધ પ્રકારના, જાત-જાતની ડીઝાઈનવાળા હીંચકા...

## કેન સિંગલ સીટર સ્વીંગ

સામાન્ય રીતે કેનમાંથી બનાવેલા સિંગલ સીટર ઝૂલા ઘણા ઘરોમાં લોકપ્રિય છે. મજબૂત દોરડા અથવા સાંકળથી સીલીંગ સાથે લટકાવેલા આ ઝૂલાને નિયમિત રીતે ટર્પેનટાઈનથી પોલીશ કરીને જીવાતથી દૂર રાખી શકાય છે. જેથી તે લાંબો સમય ચાલે છે.

## સ્ટીલ થ્રી સીટર કુશન્ડ સ્વીંગ વિથ સ્ટેન્ડ

પાઉડર કોટેડ આયર્ન અથવા સ્ટીલ ફ્રેમના થ્રી સીટર હીંચકા ઘર તેમ જ ઘરની બહાર પણ મૂકી શકાય છે. સાંકળ અથવા લોખંડના સળિયાથી લટકાવેલા આ હીંચકામાં ઉપર છત પણ હોય છે જેનાથી તે ઘણા સુંદર લાગે છે.



## ગાદીવાળા મલ્ટી સીટર વુડન હિંચકા

૪ થી ૫ ફૂટ લાંબા અને પહોળા લાકડાંના હીંચકા કે જેમાં ગાદી પણ હોય છે, તે ઘરની અંદર કે બાલ્કનીમાં પણ મૂકી શકાય છે. મજબૂત સાઈડઆર્મ અને કોતરણીવાળા બેકરેસ્ટ ઝૂલાને રોયલ લુક આપે છે.

## કોટન ફેબ્રિક વોવન સિંગલ સીટર સ્વીંગ

જો તમારી પસંદગી લાઈટ વેઈટ અને કમ્ફર્ટેબલ હોય તો કોટનના ઝૂલા શ્રેષ્ઠ વિકલ્પ છે. તેને ઘરમાં લગાવવા માટે માત્ર એક કે બે લાકડાની ફ્રેમની જરૂર પડે છે.

વજનમાં હલકા હોવાને કારણે તમે તેને ગમે ત્યાં લગાડી શકો છો.

## સ્ટીલ અને પોલીવિનાઈલ અથવા વિકર વન સીટર સ્વીંગ વિથ સ્ટેન્ડ

એગ સ્વીંગ કે ટીઅરડ્રોપ તરીકે ઓળખાતા આ ઝૂલા પાઉડર કોટેડ સ્ટીલ કે પોલીવિનાઈલના બનેલા હોય છે, જે વોટર રેઝીસ્ટન્ટ અને UV પ્રોટેક્ટેડ મટીરિયલ છે. ગાદી દૂર કરીને તેની સરળતાથી સફાઈ કરી શકાય છે. મેટલના સ્ટેન્ડ સાથે જોડાયેલી તેની ચેનને છૂટી પાડીને ઘરમાં પણ ફિક્સ કરી શકાય છે જેથી તમે સરળતાથી ઝૂલા ઝૂલી શકો.

## વુડન બોર્ડ સ્વીંગ વિથ ચેન

સાગના લાકડાંના બોર્ડનો બનાવેલો ઝૂલો દરેક સમયમાં એવરગ્રીન અને કલાસી લાગે છે. તેના પર બ્રાઈટ ફીનીશ હોય છે અને જરૂરિયાત મુજબ તમે ગાદીનો ઉપયોગ પણ કરી શકો છો.

## સ્વીંગ બેડ મેડ ઓફ કલોધિંગ ટેન્ટ

ગોળ કે લંબગોળ ઝૂલાની ચારે ફરતે ટેન્ટની જેમ કપડું લાવવાથી સ્વીંગ બેડ બનાવી શકાય છે. તેને ચારે બાજુ વાંસ કે મેટલના થાંભલા સાથે જોડી શકાય છે.

## વાઈડ મીની કાઉચ સ્વીંગ વિથ ચેન ઓર રોપ

જો તમે કાઉચ કે હીંચકો એ બેમાંથી શું પસંદ કરવું તેમાં મુંઝાતા હો તો પછી આ કાઉચ સ્વીંગની



પસંદગી કરી શકો. આ ગાદીવાળો હીંચકો ચેન વડે સીલીંગ સાથે જોડાયેલો હોય છે જેમાં આખા પરિવારને સમાવી શકાય છે.

## રાઉન્ડ ગ્લાસ વન સીટર સ્વીંગ વિથ કુશન

મેટલની ફ્રેમવાળા અર્ધ ગોળાકાર કે બાઉલ શેપના ગ્લાસના આ ઝૂલાને મેટલના રોપ વડે સીલીંગ સાથે જોડી શકાય છે. પહેલી નજરે જોતાં તે ભલે જોખમી લાગે પરંતુ ફાઈબર ગ્લાસનો બનેલો આ ઝૂલો આકર્ષક દેખાવાની સાથે ટકાઉ પણ હોય છે. તેમાં બેકરેસ્ટ માટે પણ ગાદી હોય છે જે બેસવા માટે ઘણું કમ્ફર્ટેબલ રહે છે.



વૈવિધ્ય

## લાકડાંના સંખેડા ઝૂલા

ગુજરાતના મધ્યમાં આવેલા સંખેડા શહેરમાં સાગના લાકડામાંથી ફર્નિચર બનાવવામાં આવે છે. પારંપરિક રીતે તેમાં ઝૂલાને કેવડાનાં પાનના પલ્પનો આધાર લઈને ઓર્ગેનિક ડાઈથી રંગવામાં આવતો હતો પરંતુ હવે મૂળભૂત ડીઝાઈન અકબંધ રાખીને કેમિકલ ડાઈનો ઉપયોગ કરવામાં આવે છે. સંખેડાના ઝૂલા પરંપરાગત રીતે સારી ગુણવત્તાવાળા લાકડામાંથી બનાવવામાં આવે છે. તેમાં સ્ટેન્ડ સાથેના અને સાંકળથી સીલીંગ સાથે લટકાવેલા એમ બે પ્રકારની ડીઝાઈન મળે છે. તેમાં હાથથી બનાવેલી અને ફૂલોની ડીઝાઈનવાળી કોતરણી કરેલી હોય છે જે ભવ્ય લાગે છે.

## લાકડાંની ફ્રેમ સાથે ફ્રી સ્ટેન્ડિંગ હેમોક

જો તમારા ઘરમાં પૂરતી સ્પેસ હોય અને તમે જો તેનો ક્રિયેટીવ ઉપયોગ કરવા માંગતા હો તો ઘોડિયાના આકારવાળું આ હેમોક ઘરમાં ખૂબ સુંદર લાગે છે. તમારી જરૂરિયાત પ્રમાણે તેની સાઈઝ પસંદ કરી શકો છો. વળી, તેને ઘરમાં ઈચ્છો ત્યાં લઈ જઈ શકાય છે.